S.B.P./EF-29/15,000/5/15

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

કિંમત રૂ. ૫–૦૦

કોડ નં. - ૩૩૦૩

Accredited Grade 'A' by N A A C [CGPA 3.05]

**સૂચના :** પુનઃમૂલ્યાંકન અંગેના નિયમો તથા માહિતી કાળજીપૂર્વક વંચાણે લીધા બાદ જ અરજીની વિગત ભરવી.

**No.**

**પુનઃમૂલ્યાંકન માટેની ફી**
૧. ૧ વિષય માટે રૂ. ૨૫૦–૦૦
૨. ૨ વિષય માટે રૂ. ૫૦૦–૦૦ સ્વીકારવા

પરીક્ષા નિયામક વતી

પ્રતિ,
પરીક્ષા નિયામકશ્રી,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ–૩૬૦ ૦૦૫

માનનીય સાહેબ,

હું નીચે જણાવેલ વિગતે મારા વિષય / પેપરમાં પુનઃમૂલ્યાંકન કરાવવા માંગું છું. તો તે માટે અરજી સ્વીકારવા વિનંતી કરું છું. પુનઃમૂલ્યાંકનના પાછળ જણાવેલાં નિયમો મેં વાંચ્યા છે અને તે અંગેના વખતોવખતના ફેરફાર મને બંધનકર્તા રહેશે તેની બાંહેધરી આપું છું. આ પરીક્ષાના ગુણપત્રકની ઝેરોક્ષ નકલ આ સાથે સામેલ છે.

અટક નામ પિતાનું નામ

૧. પરીક્ષાર્થીનું પૂરેપૂરું નામ : ____________________

૨. પત્ર વ્યવહારનું સરનામું : ____________________

____________________

____________________

પિનકોડ નંબર ____________ ફોન નં. / મોબાઈલ નં. ____________

૩. પરીક્ષાનું નામ અને વર્ષ : ____________ માર્ચ / એપ્રિલ / ઓક્ટોબર / નવેમ્બર ______ ૨૦

૪. કોલેજ / ભવનનું નામ : ____________________

૫. પરીક્ષાનો બેઠક નં. : ____________ પરીક્ષા કેન્દ્ર : ____________

૬. પરિણામ જાહેર થયાની તારીખ : – – ૨૦

૭. પુનઃમૂલ્યાંકન ફી ભર્યાની વિગત : પહોંચ નંબર : તારીખ : – – ૨૦

૮. જે વિષય / પેપરમાં પુનઃમૂલ્યાંકન કરાવવાનું છે તેની વિગત :

| ક્રમ | વિષય | પ્રશ્નપત્ર નંબર | યુનિવર્સિટીમાં પરીક્ષામાં મેળવેલ ગુણ | |
|---|---|---|---|---|
| | | | જે તે પ્રશ્નપત્રના કુલ ગુણ | જે તે પ્રશ્નપત્રમાં મેળવેલ ગુણ |
| ૧. | | | | |
| ૨. | | | | |

તારીખ :

આપનો વિશ્વાસુ

સ્થળ :

પરીક્ષાર્થીની સહી

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા માર્ચ/ એપ્રિલ / મે-૨૦૧ માં લેવાયેલ અને ત્યારપછીના વર્ષમાં લેવાનાર પરીક્ષાઓ તથા C.B.C.S. અભ્યાસક્રમોના પરીક્ષાર્થીઓની ઉત્તરવહીઓનું પુનઃમૂલ્યાંકન કરાવવા અંગેના નિયમો અને સૂચનાઓ**

૧. પુનઃમૂલ્યાંકન તથા રિ-ચેકિંગના ફોર્મ સ્વિકારવાની વ્યવસ્થા, જે તે કોલેજે કરવાની રહેશે. યુનિવર્સિટી પાસેથી ફોર્મ મેળવી કોલેજે વિદ્યાર્થીને આપવાનું રહેશે.

૨. કોલેજોએ વિદ્યાર્થીઓ પાસે નિયત કરેલ અરજીપત્રક, જરૂરી વિગતો સાથે સંપૂર્ણ ભરાવીને જરૂરી ફી તથા કોલેજના ફોરવર્ડિંગ લેટર સાથે, જે તે પરીક્ષાનું પરિણામ જાહેર કર્યાની તારીખથી અથવા સુધારેલ પરિણામ જાહેર કર્યાની તારીખથી ૧૦ કામના દિવસો, (વર્કિંગ-ડે) બાદ, કોલેજે વધુમાં વધુ, ૦૩ દિવસની સમય-મર્યાદામાં, યુનિવર્સિટી કાર્યાલય, પરીક્ષા વિભાગ-૦૪ને મળે તે રીતે મોકલવાના રહેશે. અરજી-પત્રકો વિદ્યાર્થીઓની સહીવાળા મોકલવાના રહેશે. તેમજ સાથે જે તે પરીક્ષાની વાંચી શકાય તેવી ગુણપત્રકની ઝેરોક્ષ નકલ સામેલ રાખવાની રહેશે.

૩. પુનઃમૂલ્યાંકન માટે વિષયદીઠ / પ્રશ્નપત્ર દીઠ ફી રૂા. ૨૫૦/- રહેશે. જરૂરી ફી રકમ રોકડેથી યુનિવર્સિટી કાર્યાલયના કામકાજના દિવસોમાં ૧૧-૦૦ થી ૨-૦૦ દરમિયાન કેશ વિભાગમાં ભરવાની રહેશે. ડિમાન્ડ ડ્રાફ્ટથી ફી ની રકમ મોકલતી વખતે તેની સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે. ચેક/ આઈ.પી.ઓ.થી રકમ સ્વીકારવામાં આવશે નહીં.

૪. ડીમાન્ડ ડ્રાફ્ટ કુલસચિવશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના નામનો કઢાવવાનો રહેશે.

૫. Mindlogicx Infratec. Ltd. [MLX] સંદર્ભે પરિપત્રમાં દર્શાવ્યા પ્રમાણે કોલેજોએ Online એન્ટ્રી કરવાની રહેશે.

૬. પુનઃમૂલ્યાંકન માટે અરજી કરી ફીની રકમ ભર્યા બાદ કોઈપણ સંજોગોમાં અરજી પાછી ખેંચી શકાશે નહિ કે ભરેલી ફીની રકમ પરત મળી શકશે નહીં.

૭. અધૂરી અને ખોટી વિગત ભરેલી અરજીઓ, નિયત ફી સિવાયની કે સમયમર્યાદા બાદ આવેલી અરીઓ તેમજ ખૂટતી ફી સમયમર્યાદામાં મોકલવામાં ન આવે તેવી અરજીઓ પર ધ્યાન આપવામાં આવશે નહીં.

૮. આંતરિક ગુણાંકન, M.C.Q., પ્રેકટિકલ, વાઈવા, ડેઝર્ટેશન, ટર્મવર્ક, સેમિનાર, પ્રોજેકટ-વર્કની કોઈપણ પરીક્ષાની પુનઃમૂલ્યાંકન માટેની અરજી સ્વીકારી શકાશે નહીં. અને એક્સ્ટર્નલમાં એસાઈનમેન્ટનું પુનઃમુલ્યાંકન કરવામાં આવશે નહીં.

૯. ડિગ્રી કક્ષાની છેલ્લા વર્ષની પરીક્ષાના જેમકે, ટી.વાય. બી.એ./ બી.કોમ./ બી.બી.એ. વગેરેમાં, બે પેપરો તેમજ બાકીના વર્ષની પરીક્ષાઓ (જેમ કે, ફર્સ્ટ, સેકન્ડ બી.એ.) માટે, એક પેપર પુનઃમૂલ્યાંકન કરવામાં આવશે. અનુસ્નાતક તેમજ પીજી. ડિપ્લોમા પરીક્ષાઓમાં બે પેપરોનું જ પુનઃ મૂલ્યાંકન કરવામાં આવશે.

૧૦. પરીક્ષાર્થીએ જે વિષય / પ્રશ્નપત્ર કે પ્રશ્નપત્રોની ઉત્તરવહીઓનું પુનઃમૂલ્યાંકન કરાવવા અરજી કરી હોય તે જ વિષય/ પ્રશ્નપત્રોની ગુણ-ચકાસણી માટે અલગ અલગ અરજી કરવી જરૂરી નથી. એટલે કે પુનઃમૂલ્યાંકનમાં ગુણ-ચકાસણીની કાર્યવાહીનો સમાવેશ થઈ જાય છે.

૧૧. જે પરીક્ષાનું પરિણામ નીચલી પરીક્ષા પસાર કરેલ ન હોવાને કારણે ઑ. ૧૫૬ મુજબ અટકાવવા (withheld) માં આવ્યું હોય તેવા પરીક્ષાર્થીઓ પણ જો પુનઃમૂલ્યાંકન ઈચ્છતા હોય તો તેઓને પણ નિયત સમયમર્યાદામાં જ અરજી કરવાની રહેશે.

૧૨. જો કોઈ પરીક્ષાર્થીનું પરિણામ તેમની પરીક્ષાની અધૂરી માહિતીના કારણે કે અન્ય કારણોસર અટકાવવામાં (withheld) આવ્યું હોય તેવા પરીક્ષાર્થીઓ જો પુનઃમૂલ્યાંકન કરાવવા ઈચ્છતા હોય તો તે મતલબની સાદા કાગળમાં અરજી કરી નિયત સમયમર્યાદામાં જાણ કરવરાની રહેશે. આવા પરીક્ષાર્થીનું સત્તાવાર પરિણામ જાહેર થયા પછીથી દિવસ ૧૦માં નિયત નમૂનામાં જરૂરી ફી સાથે પુનઃમૂલ્યાંકન માટે અરજી કરવાની રહેશે.

૧૩. પુનઃ મુલ્યાંકનના પરીક્ષકે આપેલ ગુણ કે અને અસલ મૂલ્યાંકનના ગુણ વચ્ચેનો તફાવત જે તે પ્રશ્નપત્રના કુલ ગુણ ૮% કે તેથી વધુ હશે તો જ જે તે પ્રશ્નપત્રના ગુણમાં પરિણામમાં ફેરફાર કરવામાં આવશે.

૧૪. જે પરીક્ષાર્થીએ પુનઃમૂલ્યાંકન માટે અરજી કરી હોય તેણે પુનઃમૂલ્યાંકનના પરિણામ કે પ્રત્યુત્તરની રાહ જોયા વિના તેમના અસલ જાહેર થયેલા પરિણામ અનુસાર ઉપલી પરીક્ષાના વર્ગમાં પ્રવેશ મેળવવા કે અન્ય પ્રકારની અરજી કરવાની હોય કે આવેદનપત્ર ભરવાનું થતું હોય તો સમયમર્યાદામાં જે તે કાર્યવાહી કરી લેવાની રહેશે.

૧૫. પુનઃમૂલ્યાંકનનું પરિણામ મોડું જાહેર થવાના કારણે ઉપલા વર્ગમાં મોડો પ્રવેશ મેળવવા માટે કોઈ પરીક્ષાર્થી હક્કદાર રહેશે નહીં અને તે માટે તેમજ અન્ય કોઈપણ પ્રકારના (નાણાં-સમય-તક) કલેઈમ કરી શકશે નહીં. પરંતુ જો કોલેજ કે ભવનમાં પ્રવેશ આપ્યા બાદ ખાલી રહેતી જગ્યા હોયઅને કોલેજ કે ભવન આવા પરીક્ષાર્થીને પ્રવેશ આપશે તો તેમની ખૂટતી હાજરી યુનિવર્સિટી કોન્ડોન કરી શકશે.

ઉપર જણાવેલ નિયમો અને સૂચનાઓ સંબંધે અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગે યુનિવર્સિટીએ લીધેલો નિર્ણય આખરી ગણાશે અને તે જે તે પરીક્ષાર્થીને બંધનકર્તા રહેશે.

**પરીક્ષા નિયામક**

**વિદ્યાર્થીની સહી**

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી**